અપીલ અરજી નં.૨૬ તા.૧–૫–૦૮

અરજદારઃ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે અને હો)અને જાહેર માહિતી અધિકારી લીંબાયત

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૧૯–૩–૦૮ની અરજીથી મકાનોની નોંધણી કરવામાં આવી છે? તેનો કુલ્લે કેટલો ટેક્ષ વસુલ કરવામાં આવે છે? તેમજ હાલમાં લિંબાયત ઝોનમાંકેટલી આંગણવાડી બનાવવામાં આવી રહેલ છે અને તેનો ખર્ચ વિગેરે મુદ્દા નં.૧ થી૮ ની માહિતી બાબત

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧–૫–'૦૮ ની અપીલ અરજી નં.૨૬/૨૦૦૮–૦૯

શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૧૯–૩–૦૮ની અરજીથી લિંબાયત ઝોનમાં આજની તારીખ સુધીમાં કેટલા મકાનોની નોંધણી કરવામાં આવી છે? તેનો કુલ્લે કેટલો ટેક્ષ વસુલ કરવામાં આવે છે? તેમજ હાલમાં લિં બાયત ઝોનમાં કેટલી આંગણવાડી બનાવવામાં આવી રહેલ છે અને તુેનો ખર્ચ વિગેરે મુદ્દા નં.૧ થી૮ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (હે અને હો) લિંબાયત ઝોન ધ્વારા પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૧૫–૨ તા.૧–૪–૦૮ થી જણાવેલ માહિતી અંગે અરજદારે મુદ્દા નં.૩ આંગણવાડી બનાવવાનો ખર્ચ ૬ આંગણવાડીનો ખર્ચ રૂા.૧૫,૯૬,૭૪૬–૨૬ પૈસા જયારે ૩ આંગણવાડી બનાવવાનો ખર્ચ રૂા.૧૨,૯૦,૧૩૭–૯૬ પૈસા આમ વિસંગતતા બાબતે એપેલેટ ઓફિસરને તા.૧–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતી પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૧૦૦ તા.૫–૫–૦૮થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને તેઓના પત્ર નં.ઈએસટી/આ/૫૫૮ તા.૧૪–૫–૦૮ થી પૂરી પાડવામાં આવેલ માહિતી અનુસાર ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્રનં સા.ઈ.ઝોન/મહેકમ/૫૩૭ તા.૧૩–૫–૦૮થી મુદા નં.૩ અંગે આંગણવાડી બનાવવાનાં ખર્ચની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર તરફથી તા.૧૯–૩–૦૮ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૩ આં ગણવાડી બનાવવાના ખર્ચની વિસંગતતા અંગે માહિતી માટે અપીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (હેઅનેહો) લિંબાયત ઝોન ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૩૭ તા.૧૩–૫–૦૮ થી આંગણવાડીના સ્થળ અને યુનિટ કોસ્ટ સહિતની વિગતવાર માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ આ અપીલ અંગે હવે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર(હે અને હો)અને જાહેર માહિતી અધિકારી,લીંબાયતઝોન ..... જાણ માટે
(૨) શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા